# યાદોના પરપોટા : કેફિયત

મરાઠી આત્મકથા ‘બલૂત’ (લે. દયા પવાર) વાંચી ત્યારે મનમાં ઉત્પાત મચેલો. પછી ‘બલૂત’ લાગલગાટ ત્રણેક વાર વાંચી નાખી. પહેલી વાર વાંચી ત્યારે મટકુંય માર્યા વગર સવાર સુધી વાંચતો રહ્યો. જાણે ‘બલૂત’નો દગડૂ મારુતિ હું પોતે હોઉં એવું થયેલું. ‘બલૂતે’ મારામાં ખૂબ ઊથલપાથલ મચાવી. ‘બલૂત’નું સ્મરણ ઘણા દિવસ સુધી મને પીડતું રહ્યું. આ દિવસોમાં મેં ‘વલોરી’નાં પચાસેક પાનાં લખી નાખ્યાં ત્યારે નિરાંત અનુભવી. તે પછી મેં લક્ષ્મણ ગાયકવાડની ‘ઉઠાવગીર’ (ઉંચલ્યા), લક્ષ્મણ માનેની ‘ઉપરા’, ઓમપ્રકાશ વાલ્મીકિની ‘એંઠું’ (જૂઠન) વાંચી, તો લાગ્યું કે, પૂરા ભારતમાં વર્ણવ્યવસ્થાએ દલિતોના જીવનને નર્કથી પણ બદતર કરી નાખ્યું છે. જ્યારે શરણકુમાર લિંબાળેની ‘અકકરમાશી’ વાંચી તો એણે મને પૂરેપૂરો વલોવી નાખ્યો. ઉપરોક્ત આત્મકથાઓમાંથી પસાર થતાં મને આ બધી જ આત્મકથાઓ પોતીકી લાગી. મારી આસપાસ આવું જ વાતાવરણ હતું. આ દરમિયાન મારા દલિત કાવ્યસંગ્રહો ‘એકલવ્યનો અંગૂઠો’ અને અગ્નિકણ પ્રગટ થઈ ચૂક્યા હતા. ‘અગ્નિકણ’ની ગુજરાતી દલિત સાહિત્યમાં સારી એવી નોંધ લેવાઈ હતી. ત્યાર બાદ પ્રગટ થયેલા ‘પીડાની ટપાલ’ કાવ્યસંગ્રહે ગુજરાતભરમાં ખાસ્સી ચર્ચા જગાવી. ગુજરાતના સુપ્રસિદ્ધ લેખક ડૉ. ચંદ્રકાંત ટોપીવાલાએ ગુજરાતી સાહિત્ય પરિષદના મગરવાડા ખાતેના જ્ઞાનસત્રમાં આ કાવ્યસંગ્રહની ખાસ નોંધ લીધી અને એમાંની એક કવિતા ‘આભડછેટ એટલે શું’ અંગે એક આસ્વાદ લેખ રજૂ કરી ભરપૂર પ્રશંસા કરેલી. આ કવિતાનો અંગ્રેજીમાં અનુવાદ પણ એમણે કર્યો. આ કવિતા બંગાળી લેખિકા વર્ષા દાસ દ્વારા સંપાદિત ભારતીય સાહિત્ય અકાદમી-દિલ્હી દ્વારા પ્રકાશિત સંગ્રહ ‘આધુનિક ગુજરાતી કવિતાયેં’માં સ્થાન પામી, અન્ય વિવિધ સંપાદનોમાં પણ આ કવિતાની પસંદગી થઈ હતી.

તે દરમિયાન ‘વલોરી’ લખાતી રહી. જેમ જેમ સ્મૃતિમાં આવતું ગયું એમ એમ લખતો ગયો. ગામમાં, શાળામાં, નોકરીમાં, સમાજમાં બધે જ અમારા માટે અલગ અલગ જીવન હતું. શાળામાં અલગ બેસવાનું, પટેલોથી અને વહવાયાથી દૂર રહેવાનું, નોકરીમાં ભેદભાવ ઊડીને આંખે વળગતો. અરે... ગામમાં અમારા ઘરાક વીરજીબાપા પટેલના ડેલામાં રહેતો કૂતરો એની ઓસરીમાં ટેસથી બેસતો, પણ હું છાશ લેવા જતો ત્યારે એની ઓસરીની કોરને અડકી શકતો નહીં. સવાર સવારમાં નિશાળના સમયે મરજાદી આંબો પટેલ સામે મળતો ત્યારે અમને જોતા જ દૂરથી રાડારાડી કરી મૂકતો. ‘છેટા હાલો, છેટા હાલો’. મને થતું કે, આ આટલી રાડારાડી કેમ કરે છે! એવું જ ગામના વહવાયા કરતા, એ તો વળી પટેલોથી પણ ચડિયાતા હતા. અમને જોતાં જ બૂમાબૂમ કરી ઊઠતા. છેટા રે’જે હોં... મારાં માતાજી અભડાય. નિશાળના ગોળા તરફ જવાની સખત મનાઈ હતી. તરસ લાગે તો નળ નીચે ખોબો ધરી પાણી પી લેવાનું. નોકરી મળ્યા પછી ઉપલા અધિકારીનો ભેદભાવ દેખાઈ આવતો હતો. આ તમામ અનુભવો રોજેરોજ થતા એટલે કહીશ કે, હું ઉપેક્ષિત સમાજનો હિસ્સો છું. ડગલે ને પગલે જાકારાનો ભોગ સહન કર્યો છે. મરેલા પશુ ખાઈને

દિવસો વિતાવ્યા છે. આ સ્થિતમાં જવું તો ક્યાં જવું! દેશનું એક પણ ગામ અમારા માટે સલામત ન હતું. આજેય સ્થિતિમાં બહુ ફેરફાર જણાતો નથી. દેશને સ્વતંત્રતા તો મળી, પણ અમારી સામાજિક સ્વતંત્રતા ક્યાં! આર્થિક, શૈક્ષણિક, રાજકીય અને ધાર્મિક સ્વતંત્રતા દૂર દૂર ક્યાંય નજરે પડતી નથી. આઝાદી પછી પણ અમાનવીય પ્રથા બંધ થવાનું નામ લેતી નથી. પૂર્વજોએ વેઠેલી જિંદગી તો નર્કથીય બદતર હતી. આ કપરા દિવસોમાં 'વલોરી'એ પેટની આગને ઠારી. 'વલોરી'નો ઓડકાર આત્મકથામાં તમને ઠેર ઠેર સાંભળવા મળશે. મેં મારા વાસના અભાવગ્રસ્ત દિવસોને કોઈ જણસની જેમ સાચવી રાખ્યા છે. દાદીમા વરંડામાં 'વલોરી' સૂકવતાં એ દૃશ્ય મારી અંદર આજેય જીવંત છે. જ્યારે આત્મકથાનું નામ નક્કી કરવાની ચર્ચા ચાલી ત્યારે કેટલાક સર્જકમિત્રો, અને પરિવારના સભ્યોએ 'વલોરી' શબ્દ પર ચોકડી મારી દીધી હતી. એ કહેતા 'આવું નામ થોડું રખાય! એ સૌની પ્રતિક્રિયા હતી કે, સાહિત્યિક નામ રાખો. સૌને ગમે એવું નામ રાખો. હું મનોમન જાતને પૂછતો, જીવન પહેલાં કે સાહિત્ય! જે જીવ્યો છું, જે જીવન ભોગવ્યું છે, એ જ તો લખ્યું છે. છતાં કેમ ના પાડે છે! મને લાગ્યું કે સામાજિક વ્યવસ્થામાં જે જીવન જીવવાની ફરજ પાડવામાં આવી છે એનું લખાણ પણ સ્વીકાર્ય નથી. તો પછી કોની અસ્વીકૃતિનો ડર ઊંડે ઊંડે સતાવી રહ્યો છે? અમારાં પર થતા અત્યાચારને લખવા હું જાતને છેતરી ન શકું! માટે 'વલોરી' નામ ન રાખવાના મતને હડસેલી મેં મક્કમતાથી 'વલોરી' નામ પસંદ કર્યું. 'વલોરી' અમારા જીવનનો ખાસ હિસ્સો હતી. 'વલોરી' વગર દલિતોનું જીવન અધૂરું હતું. વેકેશનમાં મામાના ઘરે જતા ત્યારે પિતાજી વધારાની થેલી આપી કહેતા, "એલા તારી નાનીને કે'જે 'વલોરી'ની થેલી ભરી દેય." આ 'વલોરી'એ દલિતોને જિવાડી દીધા. ગામમાં ઢોર મરતું ત્યારે વાસમાં ખુશીની લહેર ફરી વળતી. આ ખુશી પાછળ દર્દ ભરેલું જીવન હતું. ડોશીઓની દાઢમાં 'વલોરી'ની મીઠાશ ફૂટી નીકળતી. 'વલોરી' અમારા માટે મિષ્ટાન્નથી ઓછી ન હતી. જ્યારે અમદાવાદથી પ્રકાશિત થતા 'દલિતચેતના' સામયિકમાં 'વલોરી' હપ્તાવાર પ્રગટ થવા લાગી ત્યારે એક સવર્ણ મિત્રે પૂછેલું કે, 'વલોરી'નો અર્થ શું? ('સાર્થ જોડણીકોશ'માં 'વલોરી'નો અર્થ નથી. 'ભગવદ્ગોમંડલ' પુસ્તકમાં વલોરિયું એવો શબ્દ જોવા મળે છે.) મિત્ર ખેડૂત હતો. એમના ઘરે પશુઓ હતાં. મારી સાથે બૅન્કમાં હતો. ગામડાના આ મિત્રને 'વલોરી' શબ્દના અર્થની ખબર ન હતી. મેં એને કહેલું,

"તારી ભેંસ મરી જાય ત્યારે... અમારા લોકો ગામની બારોબાર ઢોરને ઉખેડવાની જગ્યાએ લઈ જાય, એના માંસના પિંડામાંથી દોરી જેવી લાંબી ચીજ બનાવી, એમાં મીઠું ભેરવી, સુકવણી કરે. સુકાઈ ગયા પછી એના નાના નાના કટકા કરી, ચૂલામાં શેકી, દાળમાં નાખી, ખાવાની ચીજને 'વલોરી' કહેવાય." એ મારી સામે ઘડીક આશ્ચર્યથી જોઈ રહ્યો. પછી બોલ્યો, 'સ્વાદમાં કેવી લાગે?' મેં કહ્યુંઃ મીઠી સાકર જેવી. એના ગામના દલિતો રોજ 'વલોરી' ખાતા, છતાં એ મિત્રને 'વલોરી'ના અર્થની ખબર ન હતી. સમાજવ્યવસ્થાની આ કડવી વાસ્તવિકતા છે.

એ સિવાયની બીજી કશી ભાષા વાપરતાં મને શરમ આવે છે. હું શપથ ખાઈને કહું છું કે હું શબ્દોની ડુગડુગી વગાડીને કશો જાદુ કરતો નથી.
વાદળ કે કોઈ વૃક્ષ જેવો નિઃશબ્દતાથી બોલે તેવી રીતે હું તમારી સાથે બોલું છું. જે રાષ્ટ્રને કે પ્રજાને ઉગારે નહીં તે કવિતા શેની? સરકારી જૂઠાણાં પ્રત્યે આંખમીંચામણાં કરવા ને, કન્યાશાળાની કન્યાઓ મુગ્ધ થાય તેવું લખવું તે કવિતા નથી. મરેલાઓ પણ પંખી થઈને આવે અને એનો ટહુકો કરે એવી કવિતા હોવી જોઈએ.' મિલોઝની કવિતા જેવી મારી આ આત્મકથા 'વલોરી'ને આપ સૌ સાહિત્યરસિકો સાંભળો... બસ આટલું જ.

આવકાર લખી આપનાર ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના પ્રમુખ, ગુજરાતના જાણીતા વાર્તાકાર, નવલકથાકાર ડૉ. મોહનભાઈ પરમારનો સદા ઋણી રહીશ, જેમણે 'વલોરી' આત્મકથાને 'દલિતચેતના'માં હપ્તાવાર દોઢ વરસ સુધી પ્રગટ કરી ગુજરાતભરમાં વહેતી મૂકી હતી. 'વલોરી'ની પ્રસ્તાવના લખી આપનાર ડૉ. ભરત મહેતા અને જેમણે દલિત સાહિત્યમાં શરૂઆતથી મારી આંગળી પકડી છે એવા શ્રી ભી. ન. વણકરનો હું કાયમ આભારી રહીશ. મારી સાહિત્યસફરને હંમેશાં જેમણે પોંખી છે એવા 'સમાજમિત્ર' સામયિકના પૂર્વ સંપાદક/તંત્રીશ્રી નટુભાઈ પરમાર, રસીલાબહેન પરમાર અને 'દિશા'ના તંત્રી શ્રી મૂળજીભાઈ ખુમાણને ભૂલી શકાય નહીં! દલપત ચૌહાણ, ડૉ. કેશુભાઈ દેસાઈ, સાહિલ પરમાર, આત્મારામ ડોડિયા, ધરમસિંહ પરમાર, ચંદ્રુભાઈ મહેરિયા, કેસર મકવાણા, ડૉ. અશોક ચાવડા 'બેદિલ', પથિક પરમાર, દાન વાઘેલા, ધરમાભાઈ શ્રીમાળી, વંદના ભટ્ટ (વડોદરા), હેમંતભાઈ નાણાવટી, ધીરજ વણકર, ડૉ. ભીખુ વેગડા, જેસંગભાઈ જાદવ, ડૉ. રાજેશ વણકર, નૈષધ મકવાણા, રમણ વાઘેલા, દશરથ પરમાર, સંજય ચૌહાણ, વિનુ બાંભણિયા, બ્રહ્મ ચમાર, ડૉ. રમણ માધવ, રમણ નડિયાદી, ડૉ. મનુભાઈ મકવાણા, પ્રવીણભાઈ શ્રીમાળી, નાથુભાઈ સોસા, રામ જાસપુરા, નરેન્દ્ર વેગડા, બૌદ્ધાચાર્ય સામંત સોલંકી, ડૉ. રમેશ સાગઠિયા, ડૉ. જીવરાજ પારઘી, થોભણ પરમાર, ભરત વાળા, છગન બાજક, ડૉ. રમેશ વાઢેળ, નીરજ મહિડા, ડૉ. નિશા મકવાણા, કુસુમબહેન ડાભી, માનસિંહ ચાવડા, મનોજ પરમાર (દલિત ચેતના), કૌશિક પરમાર, (શરૂઆત પબ્લિકેશન) નરેશ મકવાણા, (ખબર-અંતર ડૉટકૉમ) સામાજિક ચળવળના સાથી મિત્રો, વનરાજ ચક્રવર્તી, અમૃતભાઈ મકવાણા, મધુકાન્ત વાઢેર, એમ. સી. પરમાર, વિશન કાથડ (બહુજન સાહિત્યકાર) ભૂપત ચાવડા (આચાર્ય સિદ્ધાર્થ હાઈસ્કૂલ, કેશોદ), માલદે પરમાર, છગનભાઈ ઝાલા, ભીખાભાઈ અમીન, અને મારાં દિવંગત માતા-પિતા, પરિવારના સભ્યો, જેમણે સુખદુઃખમાં સાથ આપી સામાજિક વહેવાર સાચવ્યો એવી પત્ની વિજયા, તેમ જ ધવલકુમાર-શિલ્પા-જિયા, દીપલ-કાજલ-ઈરાયાને આ તકે યાદ કરું છું.

'વલોરી'ના સ્વાદને માણી લીધા પછી... આપના પ્રતિભાવની આતુરતાપૂર્વક રાહ જોઈશ...

અભારસહ

**– નીલેશ કાથડ**

# અનુક્રમ


1. મારી શાળા ---------------------------------------- 1
2. પોળો અને આંબો પટેલ ------------------------------ 4
3. મગન મા'રાજ --------------------------------------- 7
4. સાતમ આઠમ ---------------------------------------- 10
5. વલોરી -------------------------------------------- 13
6. ભડ ભાલારી ને ભાદરે પાણી -------------------------- 17
7. રામાપીરની પરસાદી --------------------------------- 20
8. શારદાગ્રામ વિદ્યામંદિર ------------------------------ 25
9. સ્નેહનાં ઝેર ---------------------------------------- 29
10. વગડો તડકાથી લૂંબેઝૂંબે ------------------------------ 32
11. તારું કલ્યાણ થઈ જાહે ------------------------------ 36
12. ઊનામાં નોકરીની શરૂઆત ----------------------------- 39
13. કાળો અંચળો ઓઢી બહેન બેઠાં હતાં ------------------ 43
14. પિતાજીની ટપાલ ------------------------------------ 46
15. 'જીવનભરની સેડાસેડી' ------------------------------ 50
16. દલિત સાહિત્ય સંમેલન-વિસનગર ---------------------- 54
17. જૂનાગઢનો લાંઘણ લીમડો ------------------------------ 58
18. માણાવદરનો ગાંધીચોક -------------------------------- 62
19. લીરીના ઘરની ચા ------------------------------------ 65
20. ભંતે શાંતરક્ષક -------------------------------------- 68
21. મારું ગામ ------------------------------------------ 71
22. હું ગામનો સરપંચ ----------------------------------- 75
23. માતાજીનું મંદિર ------------------------------------ 77
24. મુરૂડાડો અને રાણો ભરવાડ --------------------------- 81
25. પીલુડી --------------------------------------------- 85
26. મારા દલિત શિક્ષકો ---------------------------------- 88
27. મામાનો ખીજડો -------------------------------------- 91
28. પિતાજીની સાઇકલ ----------------------------------- 94
29. પેટ કરાવે વેઠ -------------------------------------- 98

30. વગડાની રખડપટ્ટી------------------------------ 100
31. માંડવીની મોસમ------------------------------ 102
32. વાસનો કૂવો અને છીપર ------------------------------ 104
33. પાકિસ્તાનમાં મુરૂબાપા ------------------------------ 107
34. સામાજિક બહિષ્કાર------------------------------ 110
35. વણાટકામની મંડળીઓ ------------------------------ 115
36. દાનો બન્યો દિનમામદ ------------------------------ 118
37. મજેવડી શાખામાં ------------------------------ 122
38. પાણખાણની પીડા------------------------------ 125
39. સબસિડીનું વિષચક્ર ------------------------------ 127
40. માના સપનાનું ઘર------------------------------ 131
41. આકોલવાડી-ગીર------------------------------ 134
42. શાખાનો સ્ટેશનરી રૂમ ------------------------------ 137
43. રમેશનું મકાન ------------------------------ 140
44. દલિત અને પલીત------------------------------ 143
45. વરસાદની હેલી... ------------------------------ 147
46. બાબાનો સંદેશો ------------------------------ 150
47. મોટાભાઈને નોટિસ ------------------------------ 154
48. મહાર એટલે મહાર ------------------------------ 156
49. પંચાયતનો દાખલો------------------------------ 159
50. ગામ અવઢવમાં પડ્યું------------------------------ 162
51. ગીરના સાવજ ------------------------------ 165
52. બગલાના માળા ------------------------------ 168
53. વટલાવી માર્યા ------------------------------ 170
54. ઓલ્યું રાંધતાં નહીં ------------------------------ 173
55. જરીક છેટા હાલોની------------------------------ 177
56. મહાભારત સિરિયલ------------------------------ 181
57. ધંધુસર શાખા ------------------------------ 184
58. અધિકારી સંગઠનમાં ------------------------------ 186
59. ૧૯૮૩ની હોનારત------------------------------ 190
60. ઊનાથી ઊના------------------------------ 193